## ગાંધી પદયાત્રા હવે વિચારયાત્રા બની જન જન સુધી પહોંચી : કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા

વર્ષો પછી પણ જેઓ આપણા આદર્શ રહ્યા છે તેવા અહિંસાના પુજારી પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે કેન્દ્રિય મંત્રી મનસુખભાઈ માંડવિયા પ્રેરિત ગાંધી મૂલ્યો પર આધારીત ૧૫૦ કિલોમીટરની ૧૫૦ ગામોને જોડતી, ગાંધીમૂલ્યોના માર્ગે પદયાત્રા' ગત વર્ષ ૨૦૧૯માં તા. ૧૬ જાન્યુઆરીના રોજ ભાવનગર જિલ્લામાં યોજાઈ હતી. તે ઐતિહાસિક દિવસની યાદમાં આજે ૧૬ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ પદયાત્રા દિવસ તરીકે ઉજવણી સમારોહ યોજાયો હતો. પદયાત્રા દિવસ ઉજવણી કાર્યક્રમનો પ્રારંભ આજે સવારે ૮.૩૦ કલાકે મણાર ગામે ગ્રામદક્ષિણા મૂર્તિ સંસ્થા ખાતે સ્વાગત પ્રાર્થનાગીત સાથે થયો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કેન્દ્રિય મંત્રી મનસુખભાઈ માંડવિયા સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતિ રહી હતી. સૂતરની આંટીથી મંત્રી માંડવિયા સહિતના મહાનુભાવોનું સન્માન કરાયું હતું. તેમને એક વર્ષમાં દેશભરમાંથી અલગ અલગ ૨૫ થી વધુ પદયાત્રાઓમાં નિમંત્રણ મળ્યું છે અને ચોમેર ભાવનગર-ગુજરાતનું નામ પદયાત્રા માટે ગુંજી રહ્યું છે. હવે પદયાત્રા વિચારયાત્રા બની ગઈ છે. તેના પર મંત્રી માંડવિયા એક પુસ્તક પણ લખી રહ્યા છે તેમ જણાવ્યું હતું. પદયાત્રાના ૧૫૦ કિલોમીટરના માર્ગ પર આવતા ગામોમાં લોકોએ મંત્રીના મોટા સમુહનું ભારે ઉત્સાહ સાથે અદકેરૂ સ્વાગત કર્યુ હતું.



સમાજ સેવા, યુવા ઉત્થાન અને સ્કિલ ડેવલોપમેન ક્ષેત્રે રાજ્યભરમાં આગવી કામગીરી કરવા બદલ શહેરના દિવ્ય ત્રિવેદીને ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ગુજરાત રાજ્ય યુવા એવોર્ડ ૨૦૧૯ એનાયત કરવામાં આવ્યો હતો.

## આંધ્રપ્રદેશ અને તેલંગણાની રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતી હિન્દુ વિરોધી પ્રવૃત્તિઓને રોકવા આવેદનપત્ર અપાયું

ગુરૂવારના રોજ અરવલ્લી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ, દુર્ગાવાહિની સહિતના સંગઠનોએ અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં જણાવાયું હતું કે આંધ્રપ્રદેશ અને તેલંગણાની રાજ્ય સરકાર દ્વારા હિન્દુ વિરોધી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જેમાં ખ્રિસ્તી ધર્મને વધુ પ્રાધાન્ય આપી હિન્દુ ધર્મની નિંદા જેવી પ્રવૃત્તિઓને ખુલ્લેઆમ કરવામાં આવી રહી હોવાથી ગેરબંધારણીય ભેદભાવને ધ્યાને લઈ આ બંને સરકારો સામે પગલાં લેવા તથા રાજ્ય સરકારોના આવી હિન્દુ વિરોધી નિર્ણયો રદ કરવા પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

આંધ્રપ્રદેશ અને તેલંગણા રાજ્ય સરકારો દ્વારા વિવિધ ભરતીઓમાં ખ્રિસ્તીઓને વિશેષ પ્રાધાન્ય અપાઈ રહ્યું છે. જેમાં ગ્રામસેવક અને સચિવાલયસેવક નામની બે યોજના બનાવી આ યોજનાઓની આડમાં એક લાખથી વધુ ખ્રિસ્તીઓની ભરતી કરી તેમને વેતન આપવામાં આવી રહ્યું છે. રાજ્યના મહત્વપૂર્ણ વહીવટીપદો પર યોગ્યતાને નજરઅંદાજ કરી માત્ર ખ્રિસ્તી હોવાને આધાર ગણી કટ્ટરવાદી ઈસાઈઓના હાથમાં રાજ્યની બાગડોર સોંપવામાં આવી રહી છે. તાજેતરમાં જ ગંટુર જિલ્લાના કલેક્ટરે એક ખ્રિસ્તીઓના ધાર્મિક કાર્યક્રમમાં જાહેરમાં ઘોષણા કરી કે તેઓને ખ્રિસ્તી હોવાના કારણે આ જિલ્લામાં મુખ્યમંત્રીએ નિયુક્ત કર્યા છે. અને તેઓએ પાછલા છ મહિનામાં ૬ હજાર જેટલા ખ્રિસ્તીઓને નોકરી અપાવી છે. તેમણે રાજ્ય સરકારને ઈસાઈ સરકાર પણ ગણાવી રાજ્ય સરકારના સમર્થનથી હિન્દુઓની આસ્થાના કેન્દ્ર તિરૂપતિ તિરૂમાલા મંદિર જેવા પવિત્ર સ્થળની સામે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા હિન્દુ દેવી દેવતાઓનું અપમાન અને હિન્દુ ધર્મની નિંદા જેવી પ્રવૃત્તિઓ ખુલ્લેઆમ કરવામાં આવી રહી છે. જ્યારે જેરૂસલેમની યાત્રા કરતા બસની ટીકીટો પાછળ ખ્રિસ્તીઓનો રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી સબસીડીની જાહેરાત છાપીને રાજ્ય સરકાર હિન્દુ શ્રધ્ધાળુઓ પ્રત્યે પોતાના દ્વારા કરવામાં આવતા ભેદભાવની ખુલ્લેઆમ જાહેરાત કરે છે. જ્યારે ચર્ચ વિકાસ નિધિ નામની ગેરબંધારણીય યોજના બનાવી પ્રત્યેક ચર્ચના નિર્માણ માટે દસ લાખ જેટલી રકમની સહાય આપવામાં આવી રહી છે.



## AACA તથા સ્પોર્ટ્સ ક્લબના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

AACA અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્ક એસોસીએશનના મેમ્બર્સ-પરિવાર તથા મીડિયા સલંગ્ન મિત્રો સાથે અનેક પ્રોગ્રામ આયોજીત કરે છે. આ સાથે સમાજ માટે પણ સારા કાર્યમાં સહભાગી થવું તે જવાબદારીના ભાગરૂપ સ્વીકારે છે.

૧૨ જાન્યુઆરીના રોજ AACA તથા 'સ્પોર્ટસ ક્લબ ઓફ ગુજરાત'ના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ 'AACA Blood Donation Camp'માં કુલ ૧૩૧ યુનીટ બોટલ્સ બ્લડ ડોનેટ કરવામાં આવી જે પ્રશંસનીય બાબત છે.

AACA બ્લડ ડોનેશન કેમ્પ ખાસ કેન્સરપિડિત બાળકોને સહાય કરતી સંસ્થા ગુજરાત કેન્સર રિસર્ચ સોસાયટીના સીધા ઉપયોગ તથા રક્તદાન અંગે સમાજમાં જાગૃતિ કેળવવાનાં ઉમદા હેતુ માટે આયોજીત કરવામાં આવ્યો હતો.

### ધરણા યોજવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અમલમાં છે. તેમને પેન્શન ઉપરાંત મેડીકલ સહિતની વિવિધ સુવિધાઓ આપવામાં આવે છે.

કાઉન્સીલના ચેરમેન બાબુભાઈ શાહે જણાવ્યુ હતુ કે જે સભ્યો આર્થિક મુશ્કેલી અનુભવી રહ્યા છે તેમને માસિક રૂ. ૧૦ હજારનું પેન્શન આપવાની અમારી માંગ છે

શાહે જણાવ્યુ હતુ કે દેશમાં સ્વચ્છતા અભિયાન ચલાવતી સરકારે શૌચાલય માટે અભિયાન ચલાવ્યુ છે પણ પૂર્વ ધારાસભ્યોની કાઉન્સીલની ઓફિસ માટે ફાળવેલી જગ્યામાં ટોયલેટની સુવિધા જ નથી. ઓફિસમાં આવ્યા બાદ પૂર્વ સભ્યો શૌચક્રિયા કરવા ખુલ્લામાં જશે. બીજુ પૂર્વ સભ્યો પોતાના વાહન દ્વારા પણ કાઉન્સીલની ઓફિસ સુધી પહોંચી શકતા નથી.

ઘણા બધા પ્રશ્નો અંગે રજુઆતો કરી થાક્યા પછી આજે મળેલ બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે આંદોલન વિના ભાજપની સરકાર સંવેદના દર્શાવતી નથી એટલે સત્યાગ્રહ છાવણી ખાતે ૨૭મીએ ધરણા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### તપાસ કરશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી માર્ચ મહીનામાં ધો -૧૦ અને ધો -૧૨ ની પરીક્ષા લેવાશે જયારે આ પરીક્ષાના આયોજન માટે શિક્ષણ બોર્ડની કચેરીમાં પરીક્ષાને અનુલક્ષી ખાસ બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં બ્લોક બિલ્ડીંગ બાબતની જીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી. પરીક્ષાના આયોજનને અનુલક્ષી જિલ્લામાં ઉપલબ્ધ જરૂરી સુવિધા ધરાવતા શાળાના મકાનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં સરકારી તેમજ ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ શાળાઓમાં પરીક્ષાનુ આયોજન કરવામાં આવે છે. જિલ્લા શિક્ષણાધિકારી તેમજ સ્ટાફ દ્વારા પ્રત્યેક પરીક્ષા સ્થળની મુલાકાત કરવા માટે બોર્ડ દ્વારા સુચવાયુ છે. જયારે આ મુલાકાત દરમિયાન દરેક શાળામાં સી સી કેમેરા સહીતની પર્યાપ્ત સુવિધા છે કે કેમ તેની તપાસ ઉપરાંત ગેરરીતી અંગને જુના રેકર્ડ પણ તપાસવાના રહેશે આ ઉપરાંત આ પરીક્ષા સ્થળ માટે બોર્ડમાં દરખાસ્ત કરવાની રહેશે અગાઉના વર્ષોમાં ગેરરીતી વ્યાપક પ્રમાણમાં થઈ હોય તેવા પરીક્ષા સ્થળો રીપીટ નહીં કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત સંબંધિત શાળાઓમાં સ્ટાફની સંડોવણી હોય અગર સ્થાનિક ઈન્ટેલીજન્સીથી યોગ્ય ન જણાંતુ હોય તેવુ બિલ્ડીંગ પરીક્ષાના ઉપયોગમાં લેવુ નહી આ ઉપરાંત જરૂર જણાંય તો પરીક્ષા દરમિયાન સ્થળ સંચાલક કે સમગ્ર સ્ટાફની બદલી કરી નિષ્પક્ષ અને ગરેરીતી વિહીન પરીક્ષાનુ યોગ્ય સંચાલન કરવા માટે વ્યવસ્થા કરવા પણ બોર્ડે સુચના આપી છે.

## મોડાસાના ટીંટોઈની શ્રી પી.એમ. કોઠારી સ્કૂલમાં
## સી.એ.એ.ના સમર્થનમાં પત્રો લખાવતા વાલીઓનો હોબાળો, આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૧૬

નાગરિકતા સંશોધન બિલ (સી.એ.એ.) કાયદાનું સ્વરૂપ ધારણ કર્યા બાદ આ અંગે વિવાદ શાંત થવાનું નામ નથી લઈ રહ્યો. કેટલીક શાળાઓએ શાળાના બાળકો વડાપ્રધાન મોદીને આભાર માનતા પત્રો લખાવતા વાલીઓમાં વિરોધના સુર ઉઠી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાની શ્રી.પી.એમ. કોઠારી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ પાસે સીએએ કાયદા માટે વડાપ્રધાનને સંબોધન કરી 'થેન્ક યૂ પીએમ'ના પોસ્ટ કાર્ડ લખાવવામાં આવતા વાલીઓમાં ભારે નારાજગી સાથે રોષ ફેલાયો હતો અને સ્કૂલના ટ્રસ્ટીને આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરતા ટ્રસ્ટી મંડળે સીએએન સમર્થનમાં લખાવેલ પત્રો બાળી નાખવાની હૈયાધારણા આપી વિવાદને અંત લાવવા જણાવ્યું હતું.

મોડાસાના ટીંટોઈ ગામે આવેલી શ્રી.પી.એમ. કોઠારી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસે વડાપ્રધાન નરેન્દ્રમોદીને પોસ્ટ કરવા માટે સીએએનું સમર્થન કરવા પત્રો લખાવ્યા હતા જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધીને લખેલ પત્રમાં "હજારો વર્ષની આપની પરમ્પરા શરણાગત વત્સલની છે શરણે આવેલું રક્ષણ કરવું આપનું



કર્તવ્ય છે અને એ પરમ્પરા ભારત સરકારના સીએએના કાયદાના અમલીકરણમાં દેખાય છે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ગૃહમંત્રી અમિતશાહને ખુબ ખુબ અભિનંદન'' લખાવી વિદ્યાર્થીઓ પાસેથી લઈ લીધા હતા. આ અંગેની જાણ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને તથા લઘુમતી સમાજના લોકોને થતા ભારે વિરોધના સુર ઉઠ્યા હતા અને શાળામાં પહોંચી આ પ્રકારે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પાસે પત્રો લખાવવા કેટલા યોગ્ય...? ની ચર્ચાએ જોર પકડ્યું હતું.

ગુરૂવારે શ્રી પી.એમ. કોઠારી હાઈસ્કૂલમાં મોટી સંખ્યામાં વાલીઓએ પહોંચી સીએએના સમર્થનમાં લખાવેલ પત્રો અંગે હોબાળો મચાવી સ્કૂલના ટ્રસ્ટીઓને આવેદનપત્ર આપી ઉગ્ર રજુઆત કરી વિરોધ નોંધાવતા સ્કૂલના ટ્રસ્ટીઓએ સીએએના સમર્થનમાં લખાવેલ પત્ર બાળી નાખવામાં આવશેનું જણાવી ઉભા થયેલ વિવાદનો અંત લાવવા વાલીઓને અપીલ કરી હતી.



## તલોદમાં મકરસંક્રાંતિ નિમિત્તે ગાયત્રી પરિવાર દ્વારા સુખડીનું વિતરણ કરાયું

તલોદ, તા. ૧૬

તલોદ ગાયત્રી પરિવાર દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે ૫૦ કિલો તલ-સુખડી ગરીબોમાં વિતરણ કરવામાં આવી હતી. મહિયલ, સુલતાનપુર, સબાદપુર તેમજ તલોદના પરિજનો દ્વારા તલોદ પ્રજ્ઞાપીઠમાં મહાયજ્ઞ કાર્યક્રમ યોજી વિવિધ વિસ્તારોમાં પરિવાર દ્વારા ઘેર ઘેર ગરીબ વસ્તીના લોકોને સુખડી વહેંચી મકરસંક્રાંતિ ત્યોહારની ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા દર વર્ષથી ગાયત્રી પરિવાર દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે યજ્ઞ તેમજ સૂખડીનું ભગીરથ કાર્યક્રમ કરવામાં આવે છે.

### અમેરિકી સ્ટાઈલથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યુદ્ધ કર્યુ હતું. સીડીએસએ કહ્યું કે, આતંકવાદને નાબૂદ કરવા માટે આતંકવાદીઓની સાથેસાથે એ તમામને અલગ-થલગ કરવાની જરૂર છે, જે આતંકવાદીઓને ફન્ડિંગ અને બચાવ કરે છે. તેઓને દંડિત કરવા પડશે. તેઓએ આતંકવાદી સંગઠનોની સાથે શાંતિ કરાર કરવા વિશે કહ્યું કે, આવા કરારમાં સુખશાંતિની ગેરેન્ટી લેવી જરૂરી છે. જનરલ રાવતે કહ્યું કે, અફઘાનિસ્તાને પણ શાંતિ કરાર કરવા પડશે. તાલિબાન હોય કે આતંકવાદમાં માનતુ કોઈ પણ સંગઠન હોય, તેઓએ આતંકી વિચારોને ત્યાગી દેવા જોઈએ. તેઓએ મુખ્યધારાની રાજનીતિમાં આવવુ પડશે. આપણે આતંકવાદને નાબૂદ કરવુ પડશે અને આવું માત્ર એક જ રીતે કરી શકાશે, જે રીત અમેરિકાએ ૯/૧૧ના હુમલા બાદ અપનાવ્યું હતું. કાર્યક્રમમાં એક સવાલના જવાબમાં સીડીએસએ કહ્યું કે, લોકોને કટ્ટર બનાવનારાઓની ઓળખ કરીને તેઓની વિરુદ્ધ કાર્યવાહી કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે, સ્કૂલ, યુનિવર્સિટીથી લઈને ધાર્મિક સ્થળોઓએ પણ કટ્ટરતાના પાઠ ભણાવવામાં આવી રહ્યાં છે. હકીકતમાં, તેઓને પૂછવામાં આવ્યં કે, જો દેશમાં કટ્ટરતાની વિરુદ્ધ અભિયાન સફળ સાબિત નહિ થાય તો આતંકવાદને કેવી રીતે કાબૂ કરી શકાશે, તેના જવાબમાં સીડીએસએ કહ્યું કે, કટ્ટરવાદને નાબૂદ કરી શકાય છએ. તેઓ કોણ લોકો છે, જે બીજાને કટ્ટર બનાવી રહ્યાં છે. સ્કૂલોમાં, યુનિવર્સિટીમાં આવા લોકો છે. આવા લોકોના ગ્રૂપ છે, જે કટ્ટરતા ફેલાવી રહ્યાં છે. આપણે પહેલા તેની નસ પકડવી પડશે. તેઓની ઓળખ કરીને તેઓને અલગ પાડવા પડશે. જે લોકો પૂરી રીતે કટ્ટર બની ચૂક્યા છે, તેઓથી જ શરૂઆત કરવી પડશે. તેઓને કટ્ટરતા વિરુદ્ધ કાર્યક્રમોમાં સામેલ કરવા પડશે. જમ્મુ-કાશ્મીરમાં લોકોને કટ્ટર બનાવવામા આવ્યા.

### મામલો ગરમાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમગ્ર મામલે યોગ્ય કાર્યવાહી કરી ટોલબુથ સત્તાવાળાઓ અને તેમના કર્મચારીઓને કડકાઈથી તાકીદ કરી સભ્યતાપૂર્વક વર્તન કરવા અને વાહનચાલકો સાથે સંયમતાપૂર્વક વર્તવાની શીખ આપવી જોઈએ. જો તેમછતાં આ પ્રકારનું બેહૂદુ વર્તન કરે તેવા ટોલ કર્મચારીઓ કે અધિકારીઓ સામે કાયદાનુસાર કાર્યવાહી કરી સમાજમાં દાખલો બેસાડવો જોઈએ તેવી પણ કેટલાક જાગૃત નાગરિકોએ લાગણી વ્યકત કરી હતી.



આજે કડી સર્વ વિદ્યાલયની ફાર્મસી કોલેજ ખાતેના બ્રહ્માણી હોલમાં ''બીજા ભારતની યાત્રા'' અંગ્રેજી પુસ્તકના અનુવાદનું વિમોચન કરતા પીઠ વિવેચક રાજમોહન ગાંધી, વિજયભાઈ, અરૂણાબેન, ડૉ. હરિભાઈ દેસાઈ, મનોજભાઈ અને મણીભાઈ નજરે પડે છે.

## મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ મહોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૧૬

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી સહિત જિલ્લા વહીવટીતંત્ર મહેસાણાના સંયુક્ત ઉપક્રમે મોઢેરા સૂર્યમંદિર ખાતે ૨૧ અને ૨૨ જાન્યુઆરીના રોજ સાંજે ૬ કલાકથી ઉત્તરાર્ધ મહોત્સવ યોજાનાર છે. ગુજરાતની ભવ્ય સભ્યતા અને સંસ્કૃતિની ધરોહર મોઢેરાના સૂર્યમંદિરના સાનિધ્યમાં ભારતીય શાસ્ત્રીય નૃત્યોની ભવ્ય ગુરૂ-શિષ્ય પરંપરાના મહોત્સવ-ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન રાજ્ય સરકાર દર વર્ષે કરવામાં આવે છે.



૨૧ જાન્યુઆરીને મંગળવારે સાંજે ૬ કલાકે સૂર્યમંદિર મોઢેરા ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉત્તરાર્ધ મહોત્સવનો પ્રારંભ કરાવશે. આ દિવસે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રી ઈશ્વરસિંહ પટેલ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબેન દવે ઉપસ્થિત રહેનાર છે. પ્રથમ દિવસે ગણેશ વંદના ભરત બારીયા, અક્ષય પટેલ અને કુમારી શીતલ બારોટ દ્વારા કરવામાં આવનાર છે. તેમજ સુધાજી ચંદ્રન દ્વારા ભરતનાટ્યમ, ગ્રેસીસીંઘ દ્વારા ઓડીસી, વિનીતા શ્રીનંદન દ્વારા મોહીનીઅટ્ટમ, કે.વી. સત્યનારાયણ દ્વારા કુચીપુડી બેલે અને મોહંતી દ્વારા ઓડીસી નૃત્ય રજુ થનાર છે.

૨૨ જાન્યુઆરીએ બુધવારે સાંજે ૬ કલાકે ઉત્તરાર્ધ મહોત્સવના સમાપન સમારંભમાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ ઉપસ્થિત રહેનાર છે. આ દિવસે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રી ઈશ્વરસિંહ પટેલ, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબેન દવે ઉપસ્થિત રહેનાર છે. સમાપન સમારંભના દિવસે ગણેશ વંદના શિતલ મકવાણા દ્વારા થનાર છે. આ દિવસે પૂર્ણિમા અશોક દ્વારા ભરતનાટ્યમ, વૈશાલી ત્રિવેદી દ્વારા કથ્થક, જયાપ્રભા મેનોન દ્વારા મોહિની અટ્ટમ, સપના શાહ દ્વારા ભરત નાટ્યમ, અલોકા કાનુંગો દ્વારા ઓડીસી અને દેવેન્દ્ર મંગલમુખી દ્વારા કથ્થક લખનઉ ઘરાના રજુ થનાર છે.

શાસ્ત્રીય નૃત્યોની ગુરૂ-શિષ્ય પરંપરાના મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના અગ્ર સચિવ સી.વી. સોમ અને જિલ્લા કલેકટર એચ.કે. પટેલ દ્વારા આમંત્રણ પાઠવેલ છે.

### ષડયંત્ર નિષ્ફળ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામ કરી રહ્યા હતા. પકડાયેલા આતંકવાદીઓ ખીણમાં થયેલા ૨ ગ્રેનેડ અટેકમાં પણ સામેલ હોવાની વાત સામે આવી રહી છે. એજન્સીઓનાં અધિકારીએ આ તમામ સાથે સખ્ત પુછપરછ કરી છે. માનવામાં આવી રહ્યું છે કે આ આતંકવાદીઓ પાસે ખીણમાં થઈ રહેલી આતંકવાદી પ્રવૃતિઓ અને ષડયંત્રો વિશે કેટલીક મહત્વની જાણકારીઓ મળી શકે છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં કાશ્મીરનાં કુલગામથી પણ બે આતંકવાદીઓને સેનાએ ઝડપ્યા હતા. આતંકવાદીઓની સાથે કુલગામમાં જમ્મુ-કાશ્મીર પોલીસનાં ડીએસપી દેવિંદર સિંહને પણ અધિકારીઓએ ઝડપ્યા હતા. દેવિંદર સિંહને આતંકવાદીઓની મદદ કરવાનાં આરોપમાં ધરપકડ કરવામાં આવ્યા છે અને તેમને સસ્પેન્ડ પણ કરી દેવામાં આવ્યા છે.

### ચૂંટણી લડીશું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

થયા, તેમના ઘર છીનવાયા તેમની ચિંતા તમને નથી.આ સરકારના કાયદાથી તેમને હ્યુમ રાઈટસ મળ્યા છે.મારે મમતા બેનરજી અને લાલુ પ્રસાદ યાદવને પૂછવુ છે કે, પછાત સમાજ અને ગરીબોએ તમારુ શું બગાડયુ છે. કોંગ્રેસ અને મમતા બેનરજીએ તો તોફાનો પણ કરાવ્યા છે.

અમિત શાહે મોટુ નિવેદન આપતા કહ્યુ હતુ કે, બિહારમાં એનડીએ નીતિશકુમારના નેતૃત્વમાં ચૂંટણી લડશે.ભાજપ અને જેડીયુ સાથે જ છે.જેલમાં બંધ લાલુ પ્રસાદ યાદવને ભલે સીએમ બનવાના સપના આવતા હોય પણ હું કેવા માંગુ છું કે, ભાજપ અને જેડીયુનુ ગઠબંધન અતૂટ છે.

### સરકારની યોજના લોકો માટે આશીર્વાદરૂપ બની

અમદાવાદ, તા. ૧૬

આદિજાતિ વિકાસ, મહિલા અને બાળ કલ્યાસણ વિભાગના મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ કેન્દ્ર -રાજય સરકારે અનેકવિધ વિકાસના કાર્યોની સિદ્ધિઓ વર્ણવી હતી. તેમણે જણાવ્યુંણ હતું કે, વનબંધુઓને ૧૩ લાખ એકર કરતાં વધુ જમીન વન અધિકાર હેઠળ આપી છે. છેલ્લા ત્રણ વર્ષમાં આદિવાસી ક્ષેત્રમાં સિંચાઇ માટે ત્રણ વર્ષમાં પાંચ હજાર કરોડના કામો કાર્યરત છે. સરદાર વલ્લભભાઇ પટેલની ભુમિ પર આદિવાસી સમાજ માટે વિકાસના દ્વાર ખોલ્યા છે. હળપતિ સમાજના સમુચિત વિકાસ માટે આજે કરોડો રૂપિયાની સહાય અપાય છે. રાજય સરકારે સમસ્ત જનસમાજના વિકાસ માટે કાર્યો કરે છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

જાહેર આમંત્રણ
શ્રી ગણેશાય નમઃ ૐ નમઃ શિવાય શ્રી કુળદેવી માતાય નમઃ શ્રી સદ્ગુરૂ દેવાય નમઃ
II સુંદરધામ II શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મહારાજ
છઠ્ઠો પાટોત્સવ મહોત્સવ
મંગલકારી પ્રથમ દિવસ તા.૧૫-૧-૨૦૨૦, બુધવાર
સમય : સવારે ૧૦-૦૦ કલાકે
શ્રી ગોગા મહારાજનો યજ્ઞ
મંગલકારી બીજો દિવસ તા.૧૬-૧-૨૦૨૦, ગુરૂવાર
સમય : સવારે ૧૦-૦૦ કલાકે
શ્રી માતાજીનો યજ્ઞ
મહાપ્રસાદ તા.: ૧૭-૦૧-૨૦૨૦ સમય : સાંજે ૫-૩૦ કલાકે
શ્રી ભારતીબાપુ શ્રી દિલીપ ગુરૂજી
શુભેચ્છક : શ્રી એન.પી. પટેલ (સંતશ્રી ગોદડિયા પરિવાર - વેસ્ટર્ન એગ્રો પરિવાર) શ્રી રમેશભાઈ પટેલ (કેપિટલ ઓફસેટ)
પુણ્યકારી ત્રીજો દિવસ તા.૧૭-૧-૨૦૨૦, શુક્રવાર સમય : બપોરે ૧૨-૩૦ કલાકે
ભજનભાવ : અલગ-અલગ મંડળો દ્વારા ભજન ગવાશે.
આનંદનો ગરબો : અલગ-અલગ માં ના ભક્તો દ્વારા આનંદનો ગરબો.
શ્રી ભારતીબાપુ અને શ્રી દિલીપ ગુરૂજીની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.
શુભેચ્છક : શ્રી એન.પી. પટેલ (સંતશ્રી ગોદડિયા પરિવાર - વેસ્ટર્ન એગ્રો પરિવાર), શ્રી રમેશભાઈ પટેલ (કેપિટલ ઓફસેટ)
જાહેરાત સૌજન્ય
www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ